## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હે કાળા કાનજી... આજે આ જુગારમાં જીતેલી લીલી નોટ ઘરે જઈશ ત્યારે વાઈફ આંચકી લેશે ત્યારે તમે કહેલી વાત સમજાશે કે તું કર્મ કર... ફળની આશા ન રાખ....!!!**

# સાતમ-આઠમમાં જિલ્લામાંથી ૧૦૪ શકુનીઓ પકડાયા

**ગાંધીનગર પોલીસે અલગ-અલગ ૧૪ સ્થળોએ દરોડા પાડી ૧૦૪ શકુનીઓ પાસેથી અડધા કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો : જાસપુર સ્થિત ચાલતા જુગારના અડ્ડા પર એલસીબીએ દરોડો પાડી ૪૭.૭૭ લાખના મુદ્દામાલ સાથે ૨૨ની ધરપકડ કરી**

ગાંધીનગર, તા. ૨૬

શ્રાવણમાં જુગાર રમવાનો એક રીવાજ બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. તેમાં પણ સાતમ-આઠમમાં જુગાર રમવાનું વિશેષ મહત્વ હોય તેવું બે દિવસમાં પકડાયેલા જુગારીયોના આંકડા પરથી સાબિત થાય છે. ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લાની પોલીસે સાતમ-આઠમમાં જુગાર રમતા તત્વો પર તથા ફાર્મહાઉસ સહિત વિવિધ લોકેશન પર વૉચ રાખી હતી અને બે દિવસમાં ૧૪ સ્થળે દરોડા પાડી અડધા કરોડ રૂપિયાના મુદ્દામાલ સાથે ૧૦૪ શકુનીઓને દબોચી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમે જાસપુર ખાતે શિલ્પગ્રામ પાછળ સ્થિત પટેલ હસમુખ પ્રહલાદભાઈના ફાર્મમાં દરોડો પાડી અમદાવાદના ૨૨ શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. રૂ. ૪૭,૭૭ લાખનો મુદ્દામાલ તેમની પાસેથી જપ્ત કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત અન્ય ૧૩ દરોડાઓ વિવિધ પોલીસે કર્યા હતા. સાતમ અને આઠમ દરમ્યાન એક ચિલોડા પોલીસે, એક પેથાપુર પોલીસે, એક સેક્ટર-૭ પોલીસે, ચાર સાંતેજ પોલીસે, એક કલોલ શહેર પોલીસે, પાંચ કલોલ તાલુકા પોલીસે અને એક ડભોડા પોલીસે મળીને કુલ ૧૪ સ્થળોએ દરોડા પાડી જુગાર રમતા શખ્સોને પકડ્યા છે. ૧૪ દરોડામાં ગાંધીનગર જિલ્લા પોલીસે ૧૦૪ શકુનીઓને દબોચી લીધા છે. આ જુગારીઓ પાસેથી પોલીસે રોકડ રૂ. ૩,૨૯,૨૪૦ સહિત કુલ રૂ. ૫૦,૭૯,૨૬૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ગલુદણ, મોટી શિહોલી, કલોલ ઈટલા, સઈજ જીઆઈડીસી, પલીયડ, સજી રેલવે વિસ્તાર, ધેધુ ગામ, ચિલોડા, ખાત્રજ ચોકડી સહિતિના વિવિધ ૧૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૨૯મીએ ફિલ્મ મેકિંગ પર એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું છે.

● ગાંધીનગર શહેરમાં આજે બપોરે વરસાદના હળવા ઝાપટા પછી પણ વાતાવરણમાં ઉકળાટ જોવા મળતો હતો. હજુ દિવસ અને રાત્રે પણ પંખા ચાલુ રાખવા પડે છે.

● ગાંધીનગરના પાદરે બાંધવામાં આવેલ સંત સરોવરમાં માછલીઓ બહુ નદીના પ્રવાહમાં આવી હોવાથી બગલાઓ મોટી સંખ્યામાં ઈન્દ્રોડા પાર્કની આસપાસ જોવા મળી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના તબીબી અધિકારીઓની આજે માસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ પણ જોડાયા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના સાંતેજમાં મુખ્યમંત્રી રૂપાણી જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં આજે પારણાનો ઉત્સાહ ખુબજ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો.

● પંચદેવ મંદિર સહિતના શહેરના ઘણા વિસ્તારોમાં પાણીના ખાબોચિયા ભરાઈ રહેતાં મચ્છરોની ઉત્પત્તિ માટેની સંવેદનશીલતા શહેરમાં વધી રહી છે.

## ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સે-૨૫ જીઆઈડીસી ખાતેથી કોલવડા ચામુંડાપુરા વિસ્તારમાં રહેતા મહેશ ઉર્ફે કાળા કાના ઠાકોરને ચોરીના બાઈક સાથે પકડી પાડયો હતો જીજે ૧૮ એ એફ ૭૩૦૨ નંબરના ૧૦ હજારની કિંમતના ચોરીના બાઈક સાથે મહેશ ઠાકોરની ધરપકડ કરી ચોરીનું બાઈક રીકવર કરી લઈ આરોપી પેથાપુર પોલીસને સોંપવામાં આવ્યા છે. જેને આધારે પેથાપુર પોલીસે આરોપીની સઘન પુછપરછ શરુ કરી છે.

# ગાંધીનગર જિલ્લામાં બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા પિવડાવાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનાઓમાં પાંચ વર્ષ સુધીના બાળકોને તા. ૨૯મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ સવારના ૮.૩૦થી ૧૨.૩૦ કલાક દરમ્યાન વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા આયુર્વેદ ઓ.પી.ડી. સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે પણ પીવડાવવામાં આવશે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૨૯મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણાવાસણા, અમીયાપુરા, સેક્ટર-૭, સે. ૨૯ અને સિવિલ આયુર્વેદ ઓ.પી.ડી. ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના રિદ્રોલ પરબતપુરા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ અને કલોલ તથા દહેગામ તાલુકામાં પીંપળજ અને ખાનપુર ગામના સરકારી અને જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે.



રખડતા ઢોરની જટીલ સમસ્યાએ શહેરમાં અજગર ભરડો લીધો છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર માર્ગ વચાળે જ ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. રખડતા ઢોરના લીધે ગમે ત્યારે અકસ્માતો સર્જાય છે. પૈડા પરની જિન્દગી જોખમી બની છે. ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો સર્જાયા છે. આમ નાગરિકો પરેશાન છે. પરંતુ કોર્પોરેશનના તંત્ર દ્વારા રખડતા ઢોરની સમસ્યાને ડામવા માટે નક્કર પગલા લેવાની વાત તો દુર પરંતુ પ્રયાસ કરવાનુ પણ મુનાસીબ માન્યુ નથી. માર્ગ વચાળે શિંગડા તાંણીને ડેરો જમાવતા રખડતા ઢોર ગમે ત્યારે કોઈપણ આમનાગરિકો માટે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત છે. રખડતા ઢોરના લીધે શહેરી રોડ નેટવર્ક નગરજનો માટે જોખમી બન્યુ છે.

# સાદરા પંચાયતનું વિભાજન : મોતીપુરા નવી ગ્રામ પંચાયત બનશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાની સાદરા-મોતીપુરા ગ્રામ પંચાયતના વિભાજનને રાજ્ય સરકારના પંચાયત વિભાગે મંજૂરી આપતાં હવે મોતીપુરા નવી ગ્રામ પંચાયત બનશે. ગાંધીનગર જિલ્લામાં હવે પંચાયત ધરાવતા ગામોની સંખ્યા વધીને ૩૦૪ થશે. હાલ જિલ્લામાં ૩૦૩ ગામો પંચાયતનો દરજ્જો ધરાવે છે.

ગાંધીનગર તાલુકાની સાદરા પંચાયતના વિભાજનનો નિર્ણય પંચાયતમાં ભાજપ સત્તા પર હતી તે વખતે સામાન્ય સભામાં આ દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી. તાજેતરમાં સરકારના પંચાયત વિભાગે આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ છે.

હવે અહિ નવી રચાયેલ પંચાયતમાં વહીવટદારની નિમણુંકની પ્રક્રિયા જિલ્લાકક્ષાએ હાથ ધરવામાં આવશે. ડિસેમ્બરમાં અન્ય પંચાયતોની સામાન્ય ચૂંટણી સાથે આ પંચાયતની ચૂંટણી યોજાશે તેમ જાણવા મળેલ છે.

# કડાદરામાંથી કોલેરાનો પોઝીટીવ કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામમાંથી ૪૦ વર્ષીય મહિલાને કોલેરા પોઝીટીવ આવતા આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે.

ચોમાસાની સિઝનમાં ઝાડા-ઉલ્ટીના કેસમાં નોંધપાત્ર વધારો થતો જોવા મળે છે. આ સિઝનમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો વધુ વકરે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા નાગરીકોને ખાસ તકેદારી રાખવાના સૂચનો પણ આરોગ્ય તંત્ર દ્વારા આપવામાં આવે છે ત્યારે દહેગામ તાલુકાના કડાદરા ગામની મહિલા ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર માટે એડમીટ થઈ હતી. પરીક્ષણ દરમિયાન આ મહિલાનો કોલેરા પોઝીટીવ જણાતા સિવિલ તંત્રએ શહેરી આરોગ્ય તંત્રને જાણ કરી હતી. હરકતમાં આવેલા તંત્રએ તાત્કાલિક કડાદરા ખાતે યોગ્ય કરવા સૂચનો આપી દીધા છે. શહેર અને જિલ્લામાં આ વખતે પાણીજન્ય રોગચાળાએ ભારે માથું ઉંચક્યું છે. જિલ્લામાં કોલેરાના કેસોની સંખ્યા ૨૫ને પાર કરી ગઈ છે. તંત્ર દ્વારા આરોગ્ય માટે સ્વચ્છતાનું મહત્વ સમજાવતા લોકજાગૃતિ અભિયાન પણ કરવામાં આવી રહ્યા છે. છતાં પણ દહેગામના ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળતા તંત્રએ ગંભીરતાથી લઈને સર્વેલન્સની કામગીરી આરંભી દીધી છે.

# દહેગામ-બાયડ માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરાશે

**નાયબ મુખ્યમંત્રીએ માર્ગને ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવા માટે મંજુરી આપી : ટ્રાફિકની સમસ્યા હલ થશે**

ગાંધીનગર તા ૨૬

જિલ્લામાં રોડનેટવર્કને અપગ્રેડ કરવાના વિવિધ કામોને તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. પેથાપુર મહીડી વિજાપુર પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ માર્ગને ફોરલેન કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે દહેગામ બાયડ માર્ગને પણ ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવા માટે નાયબ મુખ્યમંત્રી દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજે રૂ ૩૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં સમયાંતરે માર્ગ સુધારણા તેમજ રસ્તાના અપગ્રેડ માટે તબક્કાવાર કામગીરીને મંજુરી આપવામાં આવે છે. શહેરી વિસ્તારના માર્ગોના અપગ્રેડેશન માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી જિલ્લાને જોડતા માર્ગોના નવિનીકરણના કામો પણ ઝડપભેર હાથ ધરવામાં આવી રહયા છે. અગાઉ પેથાપુર મહુડી માર્ગને ફોરેલન કરવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે જિલ્લાને જોડતા કલોલ સહીતના અન્ય વિસ્તારમાં પણ માર્ગોના કામોને મુંજુરી આપવામાં આવી



છે.નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ દ્વારા દહેગામ બાયડ માર્ગને પહોળો કરવા માટે ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે.

છેલ્લા ઘણાં સમયથી આ માર્ગના વાઈડનીંગ માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. સાંકડા રસ્તાના લીધે અનેકવાર અકસ્માતો પણ સર્જાતા હતા. જેના લીધે માર્ગ સલામતી સામે પણ પ્રશ્નો મંડરાયા હતા. જયારે દહેગામ બાયડ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા વાહન વ્યવહારને વધુ સરળ બનાવવા માટે આ માર્ગના વાઈડનીંગના કામને મંજુરી આપવામાં આવી છે. ૨૨ કીમીના આ માર્ગને ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવા માટે રૂ ૩૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ દ્વારા આ માર્ગ વાઈડનીંગના ૫૦ ટકા કામને મંજુરી આપવામાં આવી છે.બાકીનુ કામ બીજા તબક્કામાં કરવામાં આવશે.આ માર્ગના વાઈડનીંગ કામને મંજુરી અપાતા માર્ગ નવિનીકરણના અંતે ટ્રાફિકની સમસ્યા હલ થશે જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ ભયજનક પરિબળો દુર થશે.

## આજે અમદાવાદ ખાતે દલિત સેનાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા તા. ૨૭મી ઓગષ્ટને શનિવારના રોજ સવારે ૧૧ કલાકે જૂના સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં દલિતો પર થતા અત્યાચાર, ઉનાના દલિતોને ન્યાય મળે તેમજ ભાવિ કાર્યક્રમના આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના તમામ દલિત સેનાના પદાધિકારીઓએ મહિલા સહિત ઉપસ્થિત રહેવા જિલ્લાના પ્રમુખ બી.એચ. મેસરવાલા તેમજ મહિલા પ્રમુખ પુષ્પાબેન ડોડિયા દ્વારા જણાવાયું છે.

## બેસ્ટ સિંગર ઓફ ધ સીટી સ્પર્ધા માટે ૨૮મીએ ઓડિશન

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૭માં ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યુંછે. ગણેશોત્સવ અંતર્ગત આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ "બેસ્ટ સિંગર ઓફ ધ સીટી'. હિન્દી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસે જણાવ્યુંછે કે તા. ૨૮ ઓગષ્ટના રોજ યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૬ ખાતે બપોરે ૨.૦૦ કલાકે ૪૧ વર્ષથી વધુના વયજૂથ, ૩.૧૫ કલાકે ૧૬ થી ૪૦ વર્ષના વયજૂથ તેમજ ૬ થી ૧૫ વર્ષના વયજૂથ માટે સાંજે ૪.૧૫ કલાકે ઓડીશનનું આયોજન કરવામાં આવ્યું છે. અંગે વધુ માહિતી મેળવવા ઈચ્છુકોએ રજનીકાંત સુથાર મો. ૯૮૨૪૯૭૯૩૭૧, ડૉ. ચેતનાબેન બુચ મો. ૯૮૨૫૮૧૬૦૧૬, આશાબેન સરવૈયા મો. ૯૮૨૫૩૩૩૬૭૫ અનેશૈલેષ પાવર ૯૩૭૭૧૪૬૫૬૦નો સંપર્ક કરવાનો રહેશે.

**નામ બદલેલ છે**

મારું નામ ભુંગળ ઈશ્વરભાઈ રામાભાઈ હતું તે બદલીને દેસાઈ ઈશ્વરભાઈ રામાભાઈ રાખેલ છે.

સરનામું : પ્લોટ નં. ૧૧૫૯/૨, સેક્ટર-૪/બી, ગાંધીનગર

**ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ**

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧

ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૩૬૪૭૭, વેબસાઇટ: www.gspcgroup.com ઇમેઇલ: investors.gspl@gspc.in

**નોટિસ**

**૧. વાર્ષિક સાધારણ સભા :**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૮મી (અઢારમી) વાર્ષિક સાધારણ સભા ગુરૂવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬ને બપોરે ૩.૦૦ કલાકે "એસેમ્બલી હોલ", જીએસપીસી ભવન, ઉદ્યોગભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ખાતે યોજાશે.

સાધારણ વાર્ષિક સભામાં હાથ ધરવામાં આવનાર સાધારણ અને વિશેષ કામગીરી નક્કી કરતી નોટિસ અને તેની સાથે સંલગ્ન, ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજના ઓડિટેડ નાણાકીય વિવરણો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ડિરેક્ટર્સ અહેવાલ અને તે પરનો ઓડિટર્સનો અહેવાલ જે સભ્યોએ ડિપોઝિટરીઝ / આરએન્ડટીએ / કંપની સાથે પોતાના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવેલા છે તે સભ્યોને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવ્યા છે. જે સભ્યો એ તેમના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવ્યા નથી / જેમણે ભૌતિક નકલ માટે વિશેષ વિનંતી કરેલ છે તે સભ્યોને કૂરિયર મારફતે ૨૬ ઓગસ્ટ, ૨૦૧૬ના રવાના કરેલ છે.

કૃપા કરીને નોંધ લેશો કે કંપનીનો ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ ઉપલબ્ધ છે વધુમાં વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામકાજને લગતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અને કોર્પોરેટ ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

**૨. એજીએમ અને ડિવિડન્ડની ચુકવણી માટે બુક બંધ :**

અહીં એ નોટિસ પણ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ની સમજૂતીની કલમ ૪૨ સાથે અનુસરતા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને ટ્રાન્સફર બુક શુક્રવાર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬ થી ગુરૂવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬ (બંને દિવસ સહિત) ડિવિડન્ડની ચુકવણીના હેતુસર બંધ રહેશે. આગામી વાર્ષિક સાધારણ સભામાં જો ડિવિડન્ડ જાહેર થશે તો ગુરૂવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ કંપનીના સભ્યોને ચુકવવામાં આવશે, જેમના નામ (એ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ડિપોઝિટરીઝ દ્વારા રજૂ કરવામાં આવતી યાદી મુજબ, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના કામગીરીના કલાકો પૂર્ણ થવાના સમયે લાભાર્થી માલિકો તરીકે હશે; અને (બી) ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલા શેરના તમામ માન્ય હસ્તાંતરણની અસર પછી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ કંપનીના સભ્યો તરીકે નોંધાયેલ હશે.

૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે શેર ધરાવવાના કિસ્સામાં તમામ હસ્તાંતરિત દસ્તાવેજો, સરનામું બદલવાની અરજીઓ, બેંકની વિગતો / આદેશો / ઈસીએસ આદેશો, પેન કાર્ડની વિગત કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, મેસર્સ કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાક્રામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ - ૫૦૦ ૦૦૮ ખાતે મોકલી આપવાના રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ઉપરોક્ત વિગતો સમયસર સભ્યો દ્વારા જે-તે ડિપોઝિટરીને સમયસર મોકલી આપવી.

**૩. ઇલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે મતદાન :**

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સુધારો કર્યા મુજબ કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ સાથે વાંચ્યા અનુસાર, કંપની તેની વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં નિશ્ચિત કરાયેલા તમામ ઠરાવો પર મતદાન કરવા તેના સભ્યોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને આનંદ અનુભવે છે. સભ્યો સભાના સ્થળથી અલગ સ્થાનેથી ઈલેક્ટ્રોનિક મતદાન વ્યવસ્થાનો ઉપયોગ કરીને તેમના મતો આપી શકે છે ("દૂરસ્થ ઈ-મતદાન"). કંપનીએ ઈ-મતદાન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ અથવા "CDSL" ની સેવાઓ લીધી છે.

સભ્યોને વિનંતી કે ૧૮મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં દર્શાવેલ નોટ્સ વિભાગમાં, આપેલી નોટિસમાં જણાવેલ ઠરાવો પર ઈ-મતદાન કરવા માટે ઈ-વોટિંગ સૂચનાઓ અને વિગતવાર પ્રક્રિયા જોઈ જવી.

**કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો અનુસાર વિગતો નીચે મુજબ છે:**

- ઈ-મતદાન શરૂ થવાની તારીખ અને સમય: ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬, સોમવાર, સવારે ૯.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- ઈ-મતદાન પૂર્ણ થવાની તારીખ અને સમય: ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૬, બુધવાર, સાંજે ૫.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- દૂરસ્થ ઈ-મતદાનની કથિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઈ-મતદાનની મંજૂરી આપવામાં નહીં આવે.
- ઈ-મતદાનનો અધિકાર મેળવવા માટે કટ-ઓફ ડેટ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ છે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સભ્યો / લાભાર્થી માલિકો તરીકે પત્રકમાં નામ સામેલ હોય તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધાનો લાભ મેળવવાને અને સભામાં મતદાન કરવાને પાત્ર બનશે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બેઠકની નોટિસ રવાના થયા પછી કંપનીના સભ્ય બનેલી શેર ધરાવતી કોઈ પણ વ્યક્તિ એજીએમ નોટિસના ભાગ તરીકે ઈ-મતદાનની સૂચના અનુસરીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. એજીએમ નોટિસ સીડીએસએલના પોર્ટલ www.cdslindia.com પર પણ ઉપલબ્ધ છે. તેમજ helpdesk.evoting@cdslindia.com પર મેઈલ રિક્વેસ્ટ મોકલીને વધુ માર્ગદર્શન માગી શકે છે. જો સભ્ય સીડીએસએલ સાથે ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે / તેણી હાલનો યુઝર આઈડી અને પાસવર્ડ દૂરસ્થ ઈ-મતદાન મારફત મત આપવા માટે વાપરી શકશે.
- દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનાર સભ્યો સભામાં હાજરી આપી શકશે, પણ તેમનો મત ફરી આપી નહીં શકે.
- મતદાન માટેની સુવિધા સભામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને દૂરસ્થ ઈ-મતદાન દ્વારા તેમનો મત નહીં આપનાર સભામાં હાજર સભ્યો ચૂંટણી મારફતે બેઠકમાં મત આપી શકશે.
- ૧૮મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પરના "Investors" વિભાગ હેઠળ અને સીડીએસએલ પોર્ટલ www.cdslindia.com ના ઈ-વોટિંગ વિભાગ પર ઉપલબ્ધ રહેશે.
- ઈલેક્ટ્રોનિક મતદાન સૂચનાઓ માટે સભ્યો, શેરધારકો માટે અવારનવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) અને ઈ-મતદાન મેન્યુઅલ જે www.evotingindia.com ના help section પર ઉપલબ્ધ છે તે જોઈ શકશે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ પણ મોકલી શકે છે. કોઈપણ પ્રશ્નો / ઈ-વોટિંગ સંબંધિત ફરિયાદો માટે શ્રી મહેબૂબ લાખાણી, સહાયક વ્યવસ્થાપક, સેન્ટ્રલ ડિપોઝિટરીઝ સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ, ફિરોઝ જીજીભોય ટાવર, ૧૬મો માળ, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ નો સંપર્ક કરી શકશે અથવા ડેઝિગ્નેટેડ ઈ-મેલ આઈડી helpdesk.evoting@cdslindia.com પર અથવા ફોન નં. ૧૮૦૦ ૨૦૦૫ ૫૩૩ પર સંપર્ક કરી શકશે.

સભામાં હાજરી આપવાનો અને મતદાન કરવાનો અધિકાર ધરાવતા કોઈ પણ સભ્યો તેમના વતી હાજરી આપવા અને મતદાન કરવા પ્રતિનિધિની નિમણૂક કરવાનો અધિકાર ધરાવે છે અને પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિની નિમણૂકને માન્યતા આપતો પત્ર કંપનીની કોર્પોરેટ ઓફિસ જીએસપીએલ ભવન, ઈ-૧૮, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર - ૩૮૨૦૨૮ પર સભા શરૂ થાય તેના ૪૮ કલાક પહેલાં જમા કરાવવો જોઈએ.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રીના દેસાઈ
કંપની સેક્રેટરી

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૬ ઓગસ્ટ, ૨૦૧૬